RESEARCH REVIEW JOURNALS
Volume-04
Issue-04
April-2019
ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com[UGC Listed Journal]

# બાળશોષણ, બાળ અવગણના

ડૉ. રાજુ એન. પટેલીયા

**પ્રસ્તાવના :**

કવીવર વોલ્ટર સ્કોટે સાચુજ કહયું છે "Child is a Father of Man" એટલે કે બાળક એ માનવ નો બાપ છે અર્થાત અનેક આવનારી પેઢીઓનો પિતામહ છે આજના બાળકો ને આપણે આવતીકાલના નાગરીક કહીએ છીએ સ્વ.જવાહરલાલ નહેરુએ કહયું છે કે " બાળક આવતી કાલના ભારતનું ભવિષ્ય છે જો બાળકોનું ભાવી અંધકારમય હોય તો દેશ કદાપિ પ્રગતિ કરી શકશે નહી" બાળકો રાષ્ટ્રના ભાવી કર્ણધાર છે આ સત્ય હકીકત હોવા છતાં વિશ્વના કરોડો બાળકોની હાલત અત્યંત કરુણાજનક જોવા મળે છે આ બાળકો દયનીય જીવન જીવી રહયા છે.

છેલ્લાં ચાર–પાંચ દાયકામાં નિરંતર યોજના, કલ્યાણ કાર્યક્રમો, વિધિ નિર્માણ અને અન્ય વહીવટી કાર્ય કરવા છતાં પણ ભારતમાં અધિકાંશ બાળકો દુખી અને ભયમય જીવન વ્યતિત કરે છે.ઘણાં પરિવારોમાં માતા–પિતા બાળકોની ઉપેક્ષા કરે છે યોગ્ય સાર સંભાળ લેવાને બદલે તેમને મારપીટ કરે છે માલીકો પણ એની સાથે આર્થિક અને જાતીય શોષણ કરે છે જો કે બાળકોના ભાવાત્મક ,શારીરિક અને જાતીય દુવ્યવહારની સમસ્યા ઘણા સમયથી જોવા મળે છે જેના તરફ માનસશાસ્ત્રીઓ મનોચિકિત્સકો અને સમાજશાસ્ત્રીઓ તથા સામાજિક કાર્યકરોનું ધ્યાન આર્કષાયું છે પરંતુ સરકાર આ સમસ્યા તરફ હજુ પણ ગંભિરતા પૂર્વક ધ્યાન આપતી નથી પ્રત્યેક ક્ષેત્રમાં રચનાત્મક અને વાસ્તવિક કાર્ય કરવાનું બાકી છે જનઆદોલન ધ્વારા આ બાળકોની સંવેદનાઓને વાચા આપવાની જરૂર છે.

**➢ બાળકોના દુવ્યવહારનો ખ્યાલ :**

બાળ દુવ્યવહાર એટલે બાળકો સાથે એવો વ્યવહાર કે જેને ગંભીર શારીરિક દુર્ઘટનાઓ ને કારણે નહી પરંતુ જાણી જોઈને આચરવામાં આવતાં દુર્વ્યવહાર એવો કરવામાં આવે છે.પરંતુ કેટલાંક અધ્યયનો આનો સ્વીકાર કરતાં નથી તેને મર્યાદિત કરી કાઢે છે.આ સ્થિતિ એની સાથે સબંધિત છે જે બાળકોને જાણી જોઈને શારીરિક આક્રમણ ધ્વારા ઘાયલ કરવામાં આવે છે આ પ્રકારની વ્યાખ્યા શારીરિક હિંસા પૂરતી મર્યાદિત રહે છે વિવિધ વિદ્વાનોએ બાળદુર્વ્યવહારની પરીભાષ આપવાનો પ્રયત્ન કર્યા છે.કેટલાંક લોકો બાળકોની ઉપેક્ષા કરવી એવો અર્થ કરે છે બાળકોને માનસિક આઘાત પહોચાડે એવા કાર્યોને બાળદુવ્યવહાર કરે છે.

બગૈસે બાળદુવ્યવહારની પરીભાષા આ પ્રમાણે આપી છે એમના મતાનુસાર બાળદુર્વ્યવહાર કોઈપણ એવા બાળકની તરફ સંકેત કરે છે જેને માતા–પિતા વાલી અને માલીકના કાર્યો અને દુરાચાર ભરી ખામીઓને કારણે કોઈપણ બનાવ થયા વગર શારીરિક અને માનસિક આઘાત પહોચાડે છે " અપશબ્દો બોલવા,શારીરિક હિંસાની ધમકી હાપવી શારીરિક દંડ આપવો જેમાં તબીબી ઉપચારની જરૂર નથી હોતી તેવા વ્યવહારનો પણ બાળદુર્વ્યવહારમાં સમાવેશ કરવામાં આવે છે.

**➢ બાળકો ના દુર્વ્યવહારના પ્રકારો :**

૧. શારીરિક દુર્વ્યવહાર
૨. લૈંગિક દુર્વ્યવહાર
૩. ભાવાત્મક દુર્વ્યવહાર
ઉપયુકત પ્રકારોની સમજૂતી નીચે મુજબ છે.

**૧. શારીરિક દુર્વ્યવહાર :**

શાળાએ જતા બાળકોની ઉમંર શારીરિક દુવ્યવહારોનો સંકેત આપે છે.શારીરિક પ્રહારો,હાડકા તૂટી જવા બાળી નાખવાની ધમકીને કારણે પડી જતા ધારાઓ,ઘાયલ કરવાથી છોલાઈ જવું,પેટમાં લાત મારવી,બચકા ભરવા વગેરેનો સમાવેશ થાય છે.શારીરિક દુર્વ્યવહારનો ભોગ બનેલા બાળકો બીજા બાળકો પ્રત્યેના વયવહારમાં આશંકા સેવે છે.કયારેક આક્રમક વર્તન દાખવે છે તેઓ માતા–પિતા વાલીઓથી હંમેશા ભયભીત રહે છે ઘરે જવાના સમય રોવા માંડે છે.ઘરે જવું ગમતું નથી અને ભયભીત રહે છે.

**૨. લૈંગિક દુર્વ્યવહાર :**

બાળ લૌંગિક દુર્વ્યવહાર ની પરીભાષ આ પ્રમાણે આપી શકાય " આશ્રિત અને અપરિપકવ બાળકોના યૌન સંબંધિ ચાલચલગતમાં આસકત થઈ જવું જેને તેઓ સંપૂર્ણ સમજી શકતા નથી અનેજેનો તેઓ માટે જાણીને સંપતિ આપી શકતા નથી. " જુવોનાઈલ જસ્ટીસ એકટ ૧૯૮૬ પ્રમાણે જોઈએ તો લૌંગિક દુર્વ્યવહાર એ બાળકો છોકરીઓ ૧૮ વર્ષથી ઓછી અને છોકરી માટે ૧૬ વર્ષથી ઓછી અને પ્રોઢ વચ્ચે પારસ્પારિક ક્રિયા છે.જેમાં બાળકોનો ઉપયોગ અપરાધકર્તા અથવા અન્ય વ્યકિતના લૌંગિક દુર્વ્યવહાર ઘણેભાગે શારીરિક બાબતોથી ઓળખાવી શકાય

RRIJM 2015, All Rights Reserved 

નહી.પહેલા બાળક મા,મિત્ર,પડોશ સંબંધી,બહેન જેવી વિશ્વસનીય વ્યકિતને કહી દે છે તે યૌન આક્રમણનો શિકાર બન્યો છે છતાં લૈંગિક દુર્વ્યવહારના શારીરિક ચિન્હોમાં ઉઠવા બેસવામાં મુશ્કેલી ફાટેલા કપડાં, લોહીના ડાઘા પડેલા અંદરના કપડાં,વીર્ય ના ડાઘા,દર્દ અને ખંજવાળની ફરિયાદ, રકતસ્ત્રાવ ધારા અને ગર્ભ રહેવો (કિશોરાવસ્થામાં ) સ્લોન ઈરવીંગ ૧૯૮૬ માં લૌગિંક દુર્વ્યવહારનો ભોગ બનેલ બાળકો જોવા મળે છે.લૈગિક દુર્વ્યવહારનો ભોગ બનેલ બાળક અતડો અથવા મંદબુધ્ધિ વાળો હોય છે. જેને પોતાની વયજૂથના બાળકો સાથે ઓછો સંબંધ હોય છે. તે કોઈ પ્રકારની દશામાં કે ચાલચલગતમાં ભાગ લેવા ઉત્સુક હોતા નથી.તેના અપરાધી વ્યવહારને કારણે ઘરેથી ભાગી જાય છે.તે લિંગ સંબંધિ અસાધારણ જ્ઞાન પ્રદર્શિત કરી શકે છે.

### ૩. ભાવાત્મક દુર્વ્યવહાર :

ભાવાત્મક દુવ્યવહાર બાળકોની ઉપેક્ષા અથવા એની સાથે ખરાબ વ્યવહાર કરવા સાથે સંકળાયેલો છે.ઉપેક્ષા એટલે શારીરિક,નૈતિક ભાવાત્મક અને સામાજિક જરૂરીયાતોની અવગણના શારીરિક ઉપેક્ષા એટલે સમાજ જીવન જરૂરીયાતની વસ્તુઓ જેવી કે ખોરાક કપડા,મકાન તરફ ઘ્યાન અને દેખરેખ રાખવામાં અને આક્રમણ સામે બચાવ કરવામાં અસફળતા ભાવાત્મક પ્રેમ અને સ્નેહની અભિવ્યકિતનો અભાવ અને જાણી જોઈને સંપર્ક ન સાધવો અને પ્રશંશા ન કરવી બન્નેનો સમાવેશ થાય છે નૈતિક ઉપેક્ષામાં નૈતિક આચરણો કે સમાજના પ્રતિબિંબથી વિપરીત સ્વરૂપના છે.જેવા કે મધપાન,અશ્લીલતા,અનૈતિક યોન સંબંધો પ્રસ્તુત કરે છે સામાજિક ઉપેક્ષા બાળકોને તાલીમ અને શિસ્ત ન રાખવવી વગેરે નો સમાવેશ થાય છે.આ રીતે ભાવાત્મક દુર્વ્યવહારને વર્ણવી શકાય જે બાળકોની વય નિર્ધારીત ,વય કરતાં ઓછી છે તેથી વ્યકિત ઘ્વારા ઉપેક્ષિત વ્યવહાર માટે જવાબદાર છે.જે બાળકોના સ્વાસ્થ્ય અને કલ્યાણને માટે જવાબદાર હોઈ શકે છે.

બાળકોની ભાવાત્મક ખરાબ વર્તણુંક નો દોષરોપણ કરવો,અનાદર કરવો,અસ્વીકાર કરવો,સાથીદારો સાથે સતત અસમાનતાનો વ્યવહાર કરવો અને બાળકોના કલ્યાણમાં માતા–પિતા વાલીની સંમંતિનો અભાવ સામેલ થઈ શકે છે.ભાવાત્મક ખરાબ વર્તણુંકમાં કેટલાંક શારીરિક વિકાસમાં પછાતપણું અને ઉન્નતી કરવામાં અસફાળતાના લક્ષણોને ગણાવી શકાય.ઈદ્રિયોના વિકારો,માનસિક વિકૃત્તિઓ પ્રત્યેની પ્રતિક્રિયાઓ જેવી કે હીસ્ટ્રીયા ,ભય,વ્યવહારમાં ઉગ્રતા ,ફરિયાદો કરવી વધુ સહનશીલ અથવા આક્રમક વધુ પડતી અપેક્ષા અથવા બિલકુલ અપેક્ષા ન રાખવી ભાવાત્મક અને બૈધ્ધિક વિકાસમાં પછાતપણું,આત્મહત્યાનો પ્રયાસ વગેરે જોવા મળે છે.

### ➤ બાળકલ્યાણ માટેની સેવાઓ :(કાર્યો )

### (અ) દત્તક સેવાવિશે સંક્ષિપ્ત ખ્યાલ :

દત્તક સેવા એ બાળકો અને કુટુંબ વચ્ચેની આંતરક્રિયા છે.આંતરરાષ્ટ્રીય ધોરણે ૧૯૮૯ અને ટાંગે સમંલન ઘ્વારા આંતરરાષ્ટ્રીય દત્તક સેવા ૧૯૯૩ માં કુટુંબ વગેરેના બાળકોને લાંબા સમય સુધી અનાથ આશ્રમમાં તથા સંસ્થામાં રાખવામાં આવતા કેરા સંસ્થા પાસે બાળકોને તેના અધિકારોસંતોષવા તેને તેના કુટુંબ સુધી પહોચાડવા જેવા કાર્યો દનફ ઘ્વારા સાધવામાં આવતા દત્તક સેવા શુ છે ? :

દત્તક સેવા એક કૌટુંબિક રચનાનો માર્ગ રીત છે જેમાં બાળકોની માતા–પિતા જોડેથી બીજા માતા–પિતા સાથે નિયુકત થવાનું હોય છે આ કાનુની પ્રક્રિયા છે ( કિશોર ન્યાય અધિનિયમ ૨૦૦/૨૦૦૬ પ્રમાણે દત્તક લઈ શકે છે કેવા વ્યકિત દત્તક લઈ શકે ? એવા પતિ–પત્ની જેમણે કોઈ સંતાન નથી અને તેમને સંતાન જોઈએ છે તેવા પતિ–પત્ની દત્તક બાળક લઈ શકે છે.

હિન્દું દત્તક અને જાળવણી અધિનિયમ ૧૯૫૬ કાયદા હેઠળ દરેક વ્યકિત દત્તક બાળક લઈ શકે છે જો વ્યકિત નિયમિત રીતે કમાતો હોય અને દત્તક લેનાર બધી જ જરૂરીયાત પુરી કરી શકતો હોય તો જ દત્તક બાળક લેવું.

વ્યકિતને કોઈપણ જાતની બિમારી કે ગંભીર રોગ ન હોય ત્યારે તે દત્તક બાળક લઈ શકે છે.

–માતા–પિતાનો ગુનાહીત રેકોડ ન હોવો જોઈએ.
–જો તમે એકલા છો ? તો તમે ૪૫ વર્ષની ઉમર સુધી દત્તક બાળક લઈ શકો .
– તમારા અને દત્તક લેનાર બાળક વચ્ચેની ઉમરનો તફાવત ૨૧ વર્ષનો હોવો જોઈએ.
– જો તમે એકલા હોવ તો કુટુંબમાં તમારે પણ કોઈક દત્તક બાળક લઈ શકે .

તમે દત્તક બાળક કયાંથી લઈ શકો ?

– કોઈપણ સંસ્થા કે જે ભારતીય નિયુકત ની માન્યતા ધરાવતી હોય.
–કેન્દ્ર સરકારના શિશુગૃહ પાસેથી મદદ મળતી હોય ત્યાંથી.
– લાયન્સસ દક નિયુકત સંસ્થા ઘ્વારા

કયાંથી દત્તક ન લઈ શકાય :

– લાયન્સસ વગરની સંસ્થાઓ ઘરોમાંથી નર્સિંગ હોમમાંથી/ દવાખાનામાંથી કે કાયદાની રીતે મંજૂરી મળી ન હોય .કોઈ અજાણી વ્યકિત પાસેથી.

RRIJM 2015, All Rights Reserved 

**દત્તક પ્રક્રિયા :**

સૌ પ્રથમ જો કોઈને દત્તક બાળક જોઈતું હોય તો લોકલ દત્તક સંસ્થાઓ માં નોધ કરાવવી જરૂરી છે.

– દતક બાળક લેવાની અને આપવાની સલાહ સમાજકાર્યકર ધ્વારા કરવામાં આવે છે.

–દત્તક બાળક લીધા પછી માતા–પિતા એ જરૂરી દસ્તાવેજો સંબંધિત નાણાંકીય અને આરોગ્ય ને લગતી માહિતી દત્તક લીધેલમાતા–પિતા અથવા સંસ્થાને સોપવાની હોય છે.

– દત્તક આપેલ માતા–પિતાને તેના બાળકને જોવા છે તો બન્ને માતા–પિતા ઓ ધ્વારા મિટીગ ગોઠવવામાં આવે છે.

– દત્તક લેનાર માતા–પિતાએ બાળકના પોષણ ની દેખરેખ રાખવી જરૂરરી છે.

–સરકાર અનેલાયન્સસ દતક સંસ્થા જાળવણી ની ધ્વારા કાયદાકીય રીતે દત્તક બાળક અથવા અને લેવા માટેની અમુક ચોકકસ રકમ ફાળવવામાં આવેલી .

**કેરા સંસ્થા :**

કેરા ભારતીય સરકારી મંત્રાલય ધ્વારા માહીતીઓ અને બાળકોને વિકાસ કરતી એક સ્વતંત્ર સંસ્થા છે બાળકો દત્તક લેવા માટે મધ્યવર્તી સંસ્થા તરીકે કાર્ય કરે છે હેંગ સંમેલનની જોગવાઈઓ અનુસાર આંતરદેશ દતકગૃહના વ્યવસાય અધિકા તરીકે નિયુકત પામેલ છે.ભારત સરકાર ધ્વારા ૨૦૦૩ માં આ બહાલી આપવામાં આવી અતી.

કેરા મુખ્યત્વે અનાથ બાળકો સાથેનો વ્યવહાર કરે છે કેરાને ભારત સરકાર ધ્વારા સુયોજીત કરવામાં આવેલી છે સાથે તેની ઘણી સ્થાનીક શાખાઓ પણ છે કે તે આંતરીક દેશોમાં દત્તક બાળકો લેવામાં ખૂબ જ સક્રિય છે આ સંસ્થા ધ્વારા દત્તક લેવામાં આવેલ દરેક બાળકને સામાજિક અને બાળકલ્યાણ સંસ્થાઓ બાળકોની જરૂરીયાત પ્રમાણે બાળકોની સુવિધાઓ પૂર્ણ કરે છે.અને દરેક બાળકોનું કેરા ધ્વારા રજીસ્ટરમાં નામ દાખલ કરવામાં આવે છે. કેરા ધ્વારા ૨૮ જૂન ૧૯૯૬ ના રોજ કલ્યાણ મંત્રાલય ધ્વારા બાળકોને પૂરતો ન્યાય અને તેમની દરેક પ્રક્રિયાઓનું નિરાકરણ કરવામાં આવ્યું ત્યાર બાદ ૭ ઓગષ્ટ ૧૯૯૩ ના રોજ પી.એન ભગવતી કે જેઓ ગર્વમેન્ટ ઓફ આંતરરાષ્ટ્રીય દત્તક સેવાના અધ્યક્ષ તરીકે નિમણુંક પામ્યા દત્તક સેવાની દષ્ટિએ કેરા એ ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. તા ૧૯/૦૩/૧૯૯૯ ના રોજ સામાજિક નોધણી અધિનિયમ ૮૬૦ એ કેરા નામની સંસ્થાનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું હેંગ સંમેલન ધ્વારા સામાજિક ન્યયમંત્રાલય અને સશકિતકરણ નો અમલ ૧૭/૦૭/૨૦૦૩ થી ન્યાયમંત્રાલય થી આવ્યો જેમાં બાળકોનું રક્ષણ કરવામાં આવે છે.

**સંદર્ભ :–**

1. Horten and Lerlie – The Sociology of Social Problem.
2. Stephen Schater – Social Problems in Changing Society
3. Maitheryikrishnaraj – Women’s Studies in Inadia Some Perspective
4. રોહાના ગાડલી – ભારતીય સમાજમાં સ્ત્રીઓ
5. Najma Heptulla – Reform for Women